# હિંમતનગરમાં રસ્તે રઝળતા માસ્ક અને પીપીઈ કીટ મળ્યા

## ગીરધરનગર પાસેની નદી કિનારે ઢગલો ખડકાયો : જીવતા કોરોના બોમ્બ સમાન મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં ઉદાસીનતા

હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લામાં અત્યારે કોરોના મહામારીએ હાહાકાર મચાવી દીધો છે ત્યારે તેનાથી રક્ષણ મળવવા માટે માસ્ક અને પીપીઈ કીટનો ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે આ ચીજવસ્તુઓના વપરાશ બાદ ઉપયોગ કત ઓએ તેનો યોગ્ય નિકાલ કરવાનો બદલે તેને હિંમતનગરના ગીરધરનગર પાસેથી પસાર થતા બાયપાસ પરની હાથમતી નદીના કિનારે ફેંકી દેવામાં આવ્યા છે. જેથી તેમાંથી નિકળતા વાયરસને કારણે આ મેડીકલ વેસ્ટ કોરોનાના જીવતા બોમ્બ તરીકે સાબિત થઈ રહ્યા છે જેથી તંત્રએ તપાસ કરીને કેમેરાની મદદથી આ મેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ ન કરનાર સામે સસ્યાઈથી કાર્યવાહી કરવાની જરૂર છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝેટીવના સોથી વધુ કેસ હિંમતનગર શહેર અને તાલુકામાં નોધાયેલા છે ત્યારે જિલ્લામાં સોથી વધુ હોસ્પિટલો પણ હિંમતનગર શહેરમાં આવેલી છે. જ્યાં આજે પણ કોરોનાના અનેક દર્દીઓ જંગ સામે લડી રહ્યા છે. જોકે પોતાના બચાવ માટે તથા કોરોનાનો ચેપ ન લાગે તે માટે અનેક હોસ્પિટલોમાં યુઝ એન્ડ થો પીપીઈ કીટ તથા માસ્કનો ઉપયોગ થતો હોય છે. જેનો એક વખત ઉપયોગ કર્યા બાદ નિયમ મુજબ તેનો નિકાલ કરવા માટે સળગાવી દેવો પડે છે.

પરંતુ કેટલીક હોસ્પિટલોના તબિબો પોતાના સ્ટાફને નિકાલ કરવાની સુચના આપી દે છે. પરંતુ તેમની હોસ્પિટલનો આ સ્ટાફ મેડીકલ વેસ્ટને ગમે તે જગ્યાએ નાખી આવે છે. દરમિયાન સોમવારે બપોરના સુમારે બાયપાસ રોડ પરના ઓવરબ્રિઝ પાસેના ખુણાપર નદીના ઢાળમાં મેડીકલ વેસ્ટના ઢગલા જોવા મળ્યા હતા. તપાસ કરતા જણાયુ હતું કે ફેંકી દેવાયેલ આ મેડીકલ વેસ્ટમાં પીપીઈ કીટ, માસ્ક તથા હેન્ડગ્લોઝ હતા. જેથી તેમાં રહેલા કોરોનાના વાયરસ હવામાં ફેલાઈ જાય છે અને તેનો ચેપ અહીથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને લાગે તેવી શક્યતા નકારી શકાતી નથી.

બીજી તરફ તંત્ર ધ્વારા કોરોનાને નાથવા માટે અથાગ પ્રયાસ કરાઈ રહ્યા છે ત્યારે બે જવાબદારી પૂર્વક મેડીકલ વેસ્ટનો નિકાલ કરનાર હોસ્પિટલો અંગે તંત્રએ તપાસ કરવાની જરૂર છે. જેના માટે સો પ્રથમતો બાયપાસ રોડ પર રેલ્વે અંડરબ્રિઝ અને હાથમતી નદી પર લગાવાયેલા સીસીટીવી કેમેરાના ફુટેઝ તપાસવામાં આવે તો મેડીકલ વેસ્ટ નાખવા આવનાર શખ્સ અંગે જાણકારી મળી શકે તેમ છે. જોકે વિવિધ હોસ્પિટલોના તબિબોની પણ એ ફરજ બને છે કે મેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ થાય તે માટે તેમણે પણ પોતાના સ્ટાફને કડક સુચના આપી નિયમોનું પાલન કરવા માટે તાકીદ કરવી જોઈએ નહી તો વાડ જ ચિભડા ગળે તો કોને કહેવાનું.



**લાખણીમાં બંધના એલાનને મોળો પ્રતિસાદ:કોંગી કાર્યકરોની અટકાયત**

ભારત સરકાર દ્વારા નવા પાસ કરાયેલ કૃષિ કાનૂનના વિરોધમાં પંજાબ- હરિયાણાથી શરૂ થયેલ ખેડૂતોનું આંદોલન દિલ્હી સુધી આવ્યું છે આ જગતના તાત સાથે ચર્ચા વિચારણા પણ સરકાર દ્વારા કરવામાં આવી છે પણ આ આંદોલનમાં કેટલાક રાજકીય પક્ષો અને તેના નેતાઓ ઘુસી ગયા હોવાથી હવે આ આંદોલન માત્ર ખેડૂતો નું નહિ પણ રાજકીય રૂપ ધારણ કરી લીધું છે ત્યારે આ ખેડૂત આંદોલનને ૮ ડિસેમ્બર ના રોજ ભારત બંધ નું એલાન આપ્યું હતું જેને લઈને સોસિયલ મીડિયામાં ભારે ખેંચતાણ ચાલી રહી હતી કોઈ સામાન્ય નાગરિકને મુશ્કેલી ઉભી ન થાય એના માટે સરકાર કટિબદ્ધ હતી ત્યારે તાલુકા મથક લાખણી ખાતે સવારના ૯ થી ૧૦ વાગ્યા સુધી બંધની અસર દેખાઈ હતી ત્યારબાદ આખું બજાર ધમધમાટ ચાલુ થઈ ગયું હાઈવેને બંધ કરવા અને દુકાનદારોને પોતાની દુકાનો બંદ રાખવા માટેની વિન્નતી કરવા આવતા કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓની આગથળા પોલીસે અટકાયત કરીને પોલીસ સ્ટેશનમાં લઈ ગઈ હતી આમ લાખણીમાં ભારત બંધના એલાનને મોળો પ્રતિસાદ મળ્યો હતો.

# પાલનપુરના શિશુગૃહના ઘોડીયામાં કોઈ બાળક મુકશે તો ઓફિસમાં સાયરનથી જાણ થશે

## ગુજરાતમાં સૌ પ્રથમવાર બનાસકાંઠા જીલ્લાના પાલનપુર શહેરના શિશુગૃહમાં સેન્સર ગોઠવી નવતર પ્રયોગ કરાયો





પાલનપુર

પાલનપુર હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલ શિશુગૃહમાં સેન્સર લગાવવામાં આવ્યુ છે.જેથી કોઈપણ વ્યક્તિ બાળકને ઘોડીયામાં મુકશે ત્યારબાદ ઓફીસમાં સાયરનથી જાણ થશે. જેથી શિશુગૃહના સંચાલકો બાળકનો કબજો મેળવશે.આ પ્રકારે ગુજરાતના પાલનપુર શહેરમાં પ્રથમવાર શિશુગૃહમાં નવતર પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું શિશુગૃહના સંચાલકોએ જણાવ્યુ હતુ.

ગુજરાતમાં સ્પેશીયલ એડોક્સન એજન્સી ગુજરાતમાં ૧૬ આવેલી છે.જેમાંથી ઉત્તર ગુજરાતનું ૦ થી ૬ વર્ષના ત્યજી દેવાયેલા, નિરાધાર, અનાથ તેમજ બાળકની પરવરીશ ન કરી શકતા હોય તેવા બાળકોને પાલનપુર હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલ શિશુગૃહમાં રાખવામાં આવે છે. જેમાં શિશુગૃહમાં દાતાના સહયોગથી એક પારણું તૈયાર કરવામાં આવ્યું છે.જેમાં અજાણ્યા લોકો દ્વારા નિરાધાર બાળકોને મુકવામાં આવે છે.ત્યાર બાદ સંસ્થા દ્વારા તેનો કબજો મેળવી તેમને પુનઃસ્થાપીત કરવામાં આવે છે. પહેલા પારણામાં બાળકને ત્યજી કોઈ જતુ રહે તો સંસ્થાને જાણ મોડી થતી હતી.જેથી પાલનપુરના શિશુગૃહમાં તૈયાર કરવામાં આવેલ પારણામાં સેન્સરની વ્યવસ્થા કરવામાં આવી છે.જેથી બાળકને પારણામાં મુક્યા બાદ શિશુગૃહની ઓફીસમાં સાયરન વાગશે અને પારણામાં બાળક આવ્યું તેની જાણ થશે. જેથી જો બાળકને સારવાર ની જરૂર જણાય તો ઝડપથી સારવાર મળી રહેશે. અને નવજાત શિશુના જીવનું જોખમ થતુ અટકાવી શકાશે. આ અંગે સંસ્થાના મેનેજર અરવિંદભાઈ પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે, ઉત્તર ગુજરાતનું માત્ર એક શિશુગૃહ પાલનપુરમાં આવેલુ છે. જેમાં ૦-૬ વર્ષના બાળકોને રાખવામાં આવે છે.અને તેમને સમાજ જીવનમાં પુનઃ સ્થાપિત કરાવવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ બાળકને પારણામાં મુકે તેનુ જાણ પહેલા મોડી થતી હતી. પરંતુ પારણામાં સેન્સર ગોઠવ્યા બાદ બાળકને પારણામાં મુક્યા બાદ શિશુગૃહના ઓફીસમાં સાયરન મારફતે જાણ થાય છે. જેથી બાળકની સંભાળ વહેલી તકે લઈ શકાય છે. ગુજરાતમાં પ્રથમ શિશુગૃહમાં આ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.જે ત્યજાયેલા બાળકોને ઝડપથી સારવાર માટે ઉપયોગી થશે જેના થકી બાળકનું જીવ જોખમાતુ અટકાવી શકાશે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૩૨૫ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૧૫નાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૮૩૭૧૪૩૩ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૦૩૧૧૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા છે

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં હવે ધીરે-ધીરે કોરોના વાયરસના નવા કેસોમાં ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૩૨૫ કેસ નોંધાયા છે અને આ સાથે અત્યાર સુધીમાં નોંધાયેલા કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૨૨૧૪૯૩ પર પહોંચ્યો છે. જ્યારે બીજી બાજુ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૧૫૩૧ દર્દીઓ સાજા થઈને પરત ફર્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે વધુ ૧૫ દર્દીઓના મોત થતાં કુલ મૃત્યુઆંક ૪૧૧૦ થયો છે. જ્યારે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૦૩૧૧૧ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૭૦ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૦૮૭૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૯૩૬.૫૪ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૩,૭૧,૪૩૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫૪૯૩૫૦ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫૪૯૨૦૫ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૪૫ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪૨૭૨ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૮ છે. જ્યારે ૧૪૧૯૪ લોકો સ્ટેબલ છે. ૨૦૩૧૧૧ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૧૧૦ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૫ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૯, સુરત કોર્પોરેશન ૩, અમરેલી ૧, રાજકોટ કોર્પોરેશન ૧, વડોદરામાં ૧ વ્યક્તિ સહિત કુલ ૧૫ દદીનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

## બનાસકાંઠામાં વધુ ૪૫ને કોરોના

પાલનપુર

કોરોનાની રફતાર જારી છે વધુ ૪૬ સંક્રમિત થયા છે જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓમાં એન્ટીજન રેપિડ દ્વારા ૧૦૦૧ સેમ્પલ લેવામાં આવ્યા હતા જે પૈકી ૯ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ડીસાની ગાંધી લિંકન હોસ્પિટલ માં ૧૯૫ આરટી પીસીઆર સેમ્પલ પૈકી ૨૫ પોઝિટિવ આવ્યા છે જ્યારે પાલનપુરની બનાસ કોવિડ હોસ્પિટલના ૫૫સેમ્પલ પૈકી ૮ પોઝિટિવ આવ્યો છે. જ્યારે પાલનપુરની પ્રાઈવેટ લેબોરેટરી માંથી લેવાયેલા ૪ સેમ્પલ પૈકી ૩ પોઝિટિવ આવ્યા છે આમ જિલ્લાના ૧૨૫૫ સેમ્પલ પૈકી ૪૫ દર્દીઓના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

## પાલનપુરમાં માર્કેટયાર્ડના ખેડૂતો અને વેપારીઓએ ખેડૂત આંદોલનને સમર્થન આપી બંધ પાળ્યુ

દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનના પગલે મંગળવાર ભારત બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ.જેમાં પાલનપુરમાં માર્કેટયાર્ડના વેપારીઓએ ખેડૂત આંદોલનને ટેકો આપી માર્કેટના વેપારીઓએ બંધ પાળ્યો હતો.તેમજ માર્કેટયાર્ડ ચાલુ રહ્યુ હતુ.તેમજ કોંગ્રેસના કાર્યકરો બંધ કરાવવા નિકળે તે પહેલા પોલીસે કાર્યકરોની અટકાયત કરી હતી.દિલ્હીમાં ખેડૂતોના પ્રશ્નને લઈ ખેડૂતો દ્વારા આંદોલન ચલાવવામાં આવી રહ્યુ છે.જેમાં આંદોલન ધીમે-ધીમે વેગ પકડી રહ્યુ છે.જેમાં આંદોલન કારી ખેડૂતો દ્વારા મંગળવારે ભારત બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ.

જેથી પોલીસ દ્વારા વહેલી સવારથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.અને કોંગ્રેસના આગેવાનોને તેમના ઘરેથીજ અટકાયત કરી દેવામાં આવી હતી.તેમજ કેટલાક કાર્યકરો પાલનપુર બંધ કરવા ભેગા થાય તે પહેલા જ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી,સેનજીજી દેલવાડીયા-રવિરાજ ગઢવી સહીતના ૨૩ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

પાલનપુર માર્કેટ યાર્ડના વેપારીઓ દ્વારા ખેડૂતોના આંદોલનને સમર્થન કરી બંધ પાળવામાં આવ્યુ હતુ.જેના પગલે માર્કેટ યાર્ડ બંધ રહ્યુ હતુ.આ અંગે માર્કેટ યાર્ડના સુત્રોએ જણાવ્યુ હતુ કે માર્કેટ યાર્ડ ચાલુ રાખવામાં આવ્યુ છે.જેમાં બે ખેડૂતો માલ ભરાવવા આવ્યા હતા.

# સાબરકાંઠામાં બંધ નિષ્ફળ : બજારો અને માર્કેટયાર્ડ, બસસેવા ચાલુ રહી

હિંમતનગર, તા. ૮

કેન્દ્ર સરકારે પારિત કરેલા ખેડૂતલક્ષી ત્રણ કાયદાઓને લીધે દેશના ખેડૂતોને વ્યાપક નુકશાન થવાનું છે જેને લઈને છેલ્લા કેટલાય દિવસોથી પંજાબના ખેડૂતોએ કિસાન આંદોલન શરૂ કર્યુ છે અને તેના પડઘા સમગ્ર દેશમાં પડી રહ્યા છે. ત્યારે મંગળવાર તા. ૮ ડિસેમ્બરના રોજ ભારત બંધનો કોલ આપવામાં આવ્યો હતો. જોકે તેના માટે ખેડૂતો તથા અન્ય પ્રજામાં મતમતાંતર પ્રવર્તી રહ્યા છે. ત્યારે મંગળવારે અપાયેલું બંધનું એલાન સાબરકાંઠા જિલ્લામાં નિષ્ફળ રહ્યુ છે. જોકે ખેડબ્રહ્મા તાલુકાને બાદ કરતા અન્ય તાલુકાઓમાં ધંધા-રોજગાર પુર્વવત રહ્યા હતા. તેમ છતાં કિસાન આંદોલનને ટેકો જાહેર કરનાર પ્રાંતિજ અને હિંમતનગરમાં કોંગ્રેસના કાર્યકરોએ સવારથી જ ચક્કાજામ કરવાના આશયથી વાહનોને રોકવાનું શરૂ કર્યુ હતુ અને તેના ભાગરૂપે હિંમતનગરમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય તથા કાર્યકરોએ મોતીપુરા પાસેથી પસાર થઈ રહેલા નેશનલ હાઈવે ૮ પર પહોંચીને ટાયરો સળગાવ્યા હતા જેથી પોલીસે તરત જ ૨૫ થી વધુ કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. એકંદરે ભારત બંધના એલાન દરમિયાન પોલીસના ચુસ્ત બંદોબસ્તના લીધે જિલ્લામાં શાંતિ જળવાઈ રહી હતી. પોલીસે સમગ્ર જિલ્લામાંથી અંદાજે ૯૦થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી.

ભારત બંધના એલાનના ભાગરૂપે મંગળવારે સવારે હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, વડાલીમાં વેપારીઓ દ્વારા રાબેતમુજબ ધંધા રોજગાર શરૂ કરવા દુકાનો ખોલી દેવામાં આવી હતી. જોકે પ્રાંતિજમાં પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા શહેર કોંગ્રેસના શહેર પ્રમુખ તથા કાર્યકરોએ હાઈવે ત્રણ રસ્તા પર આવી કોબીજ અને ફુલાવર સાથે દેખાવો કરી આવતા જતા વાહનોને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ જ વખતે પોલીસ હાજર હોવાથી તરત જ ૨૪ દેખાવકારોની અટકાયત કરી લેવામાં આવી હતી. સાથોસાથ એપ્રોચ રોડ પર આવેલ કેટલીક દુકાનો બંધ જોવા મળી હતી. પરંતુ દૂધ, શાકભાજી અને મેડીકલ સ્ટોર ખુલ્લા રહ્યા હતા. અટકાયત કરાયેલા દેખાવકારોને પોલીસે હિંમતનગર લઈ જવાયા હતા.

હિંમતનગરની વાત કરીએ તો ટાવરચોક, જુનાબજાર, પોલોગ્રાઉન્ડ, મહાવીરનગર, મોતીપુરા, મહેતાપુરા તથા બસસ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં દુકાનો રાબેતામુજબ ચાલુ રહી હતી.

પરંતુ બંધના હાઉને લીધે બજારોમાં ચહલપહલ ઓછી જણાઈ હતી. બંધના પગલે પોલીસ તંત્ર દ્વારા શહેરમાં અનેક ઠેકાણે બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. દરમિયાન બંધના એલાનને સફળ બનાવવા માટે ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ, હરેશભાઈ પ્રજાપતિ, પ્રિયવદન પટેલ, ઈમરાન બાદશાહ સહિતના અન્ય કાર્યકરોએ મોતીપુરામાંથી પસાર થતા હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે પરના જીઆઈડીસીના પ્રવેશ દ્વાર નજીક વાહનોનો ચક્કાજામ કરવાના આશથી ટાયરો રોડ પર મુકી સળગાવવામાં આવ્યા હતા. જેથી મોતીપુરા સર્કલ પર બંદોબસ્તમાં રોકાયેલી પોલીસને જાણ થતા તરત જ તેઓ બનાવના સ્થળે દોડી ગયા હતા. જ્યાં દેખાવકારો સાથે ગરમાગરમ ચર્ચા બાદ ૨૫ થી વધુ કાર્યકોરોની અટકાયત કરી લેવાઈ હતી. અને તે બધાને પોલીસ હેડક્વાટર ખાતે લાવી દેવામાં આવ્યા હતા.

બંધ દરમિયાન હિંમતનગર માર્કેટયાર્ડમાં ખેડૂતોની હાજરી ઓછી રહી હતી તેમ છતા વેપારીઓ દ્વારા હરાજીનું કામ રાબેતામુજબ ચાલુ રાખવામાં આવ્યુ હતુ. જો કે મંગળવારે બંધના પગલે ટેકાના ભાવે મગફળી વેચવા માટે કોઈ ખાસ ખેડૂતો ફરક્યા ન હતા. તેમ છતાં માર્કેટયાર્ડના સૂત્રોના જણાવાયા મુજબ મંગળવારે બંધ હોવા છતાં હિંમતનગર માર્કેટયાર્ડમાં અંદાજે ૧૦૦૫ બોરી મગફળીની આવક થવા પામી હતી. તે ઉપરાંત એરંડાની ૧૨૦, ઘઉંની ૭૧૦, બાજરી અને મકાઈની ૧૦ તથા અળદની ૨૦ બોરીની આવક થઈ હતી. બપોર બાદ પણ માર્કેટયાર્ડ ચાલુ રહેવા પામ્યુ હતુ. બંધ દરમિયાન હિંમતનગર શહેરમાં વાહન વ્યવહાર ઓછો રહ્યો હતો અને નિગમની બસોમાં પણ મુસાફરોની અવરજવર ઓછી જણાઈ હતી.





**બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં લોકોએ તેમજ વેપારીઓએ સમર્થન**

ખેડૂત આંદોલન ને બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં લોકોએ તેમજ વેપારીઓએ સમર્થન આપ્યું છે અને મોટા પ્રમાણ વેપારીઓએ સ્વેચ્છાય પોતાનો ધંધો રોજગાર બંધ રાખ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેતી ઉપર લાવેલ ત્રણ કૃષિ લક્ષી કાયદાને લઈ સમગ્ર દેશમાં તેનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. છેલ્લા ૧૨ દિવસથી સમગ્ર દેશમાં ખેડૂત આંદોલન શરૂ થયું છે અને આજે ભારત બંધનું એલાન પણ આપવામાં આવ્યું છે ભારત એક ખેતી પ્રધાન દેશ છે જો કે તાજેતરમાં કૃષિમાં ત્રણ નવીન સુધારા કરવામાં આવ્યા છે. ત્યારે ખેડૂત આંદોલન ને લઈ આજે ૮ ડિસેમ્બર ના રોજ ભારત બંધ નું એલાન કરવામાં આવ્યું હતું જેમાં બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા લોકો તેમજ વેપારીઓએ ખેડૂતો ને સમર્થન આપ્યું છે અને સ્વેચ્છાય પોતાનો ધંધો રોજગાર બંધ રાખ્યો છે તો બીજી તરફ ધાનેરા કોઈ અણબનાવ ન બને તે માટે વહેલી સવાર થી પોલીસ પણ સક્રિય બની હતી અને ધાનેરા ના જાહેર માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો તો બીજી તરફ વેપારીઓ એ સ્વેચ્છાય બંધ પાળતા ધાનેરા શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ હરિસિંગ રાજપુતે આભાર માન્યો હતો ધાનેરા માં રાષ્ટ્રીય કિસાન સંઘ પ્રમુખ અને બનાસકાંઠા જિલ્લા મહામંત્રી એ મીડિયા સાથે ની વાતચીત માં જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકાર આ કાળો કાયદો પાછો નહીં ખેંચે તો આવનારા સમય માં અમે ઉગ્ર આંદોલન કરશું.



**બાયડમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શનઃ પોલીસે ૨૦ જેટલા કોંગ્રેસી કાર્યકરોની અટકાયત**

બાયડમાં ખેડૂતોના સમર્થનમાં કોંગ્રેસ દ્વારા સવારથી જ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરો ભેગા થઈ બજારો બંધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો જેને લઈ કોંગ્રેસને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. ભારત બંધના એલાનને લઈ અરવલ્લી જિલ્લામાં પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. જ્યારે અરવલ્લી જિલ્લામાં સવારથી જ પોલીસ તૈયાર થઈ ગઈ હતી. બાયડમાં બસ સ્ટેશન આગળ ૨૦ જેટલા કોંગ્રેસના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવતા પોલીસે ૨૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી.

## મહેસાણા જિલ્લામાં ‘બંધ’ની નહિવત અસર

મહેસાણા, તા. ૮

કૃષિ કાયદાઓના વિરોધમાં ખેડૂતોએ આપેલ આજે ભારત ભંધના એલાનને મહેસાણા જિલ્લામાં ખાસ પ્રતિભાવ સાંપડ્યો ન હતો. જિલ્લા મથક મહેસાણા સહિત જિલ્લાના મુખ્ય તાલુકા મથકો ગામોમાં બંધની સાવ ઓછી અસર જોવા મળી હતી અને જનજીવન રાબેતામુજબ ચાલુ રહ્યું હતુ. જોકે હાઈવે પર માલવાહક ટ્રકો અને અન્ય ખાનગી વાહનોની અવરજવર ઓછી રહી હતી. એસ.ટી. બસોનું સંચાલન મર્યાદિત રહ્યુ હતુ. બસોમાં મુસાફરોની સંક્યા પાંખી રહી હતી.

## એવરેસ્ટનું કદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક અંદાજ મુજબ ૨૦૧૫માં આવેલા વિનાશક ભૂકંપ તેમજ અન્ય કુદરતી કારણોસર એવરેસ્ટની ઊંચાઈમાં આંશિક બદલાવ આવ્યો હતો. વિદેશ મંત્રી પ્રદીપ ગ્યાલવીએ જણાવ્યું કે નેપાળે એવરેસ્ટની ઊંચાઈ ૮,૮૪૮.૮૬ મીટર હોવાનું માપ્યું છે. નવી ઊંચાઈ અગાઉ કરાયેલા સર્વેક્ષણની તુલનાએ ૮૬ સેન્ટિમીટર વધુ છે. ભારત સર્વેક્ષણ દ્વારા ૧૯૫૪માં કરાયેલી માપણી વખતે માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ ૮,૮૪૮ મીટર છે. માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ ૧૮૪૭માં ૮,૭૭૮ મીટર માપવામાં આવી હતી ૨૦૨૦માં નેપાળ અને ચીને સંયુક્ત પ્રયાસ કરીને નવી સંશોધીત ઊંચાઈનું આકલન કર્યું છે. નેપાળના વિદેશ મંત્રી પ્રદીપ ગ્યાવલી અને તેમના ચીનના સમકક્ષ વાંગ યીએ એક કાર્યક્રમ દરમિયાન કાઠમાંડુ અને બેઈજિંગમાં એક સાથે સત્તાવાર રીતે માઉન્ટ એવરેસ્ટની નવી ઊંચાઈની જાહેરાત કરી હતી. નેપાળના વિદેશ મંત્રીએ કહ્યું કે આ એક ઐતિહાસિક દિવસ છે. માઉન્ટ એવરેસ્ટની નવી ઊંચાઈ ૮,૮૪૮. ૮૬ મીટર છે. નેપાળ દ્વારા ૨૦૧૧થી એવરેસ્ટની ઊંચાઈ માપવાનું કામ ચાલી રહ્યુંહતું.

## કોઈ અસર નહિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અસર જોવા મળી ન હતી. સવાર થી જ શોપિંગ બજારો ધમધમતા રહ્યા હતા. જયારે દિવસ દરમિયાન પણ રૂટીન મુજબની અવરજવર વચ્ચે બધુ ખુલ્લુ રહ્યુ હતુ. વેપારીઓ સહીત નાગરિકોએ બંધને સમર્થન આપ્યુ ન હતુ. જયારે જિલ્લાના કેટલાક વિસ્તારમાં બંધની અસર અંશત : જોવા મળી હતી. શહેરમાં બંધનુ એલાન સદંતર નિષ્ફળ પુરવાર થયુ હતુ જયારે જિલ્લામાં બંધની નહીંવત અસર જોવા મળી હતી.

કુડાસણ , પેથાપુર અને પીડીપીયુ માર્ગ પર કેટલીક દુકાનો કલાક માટે બંધ રહી હતી જો કે આ વિસ્તારમાં પણ થોડી વારમાં જ વેપાર ધંધા રાબેતા મુજબ ધમધમતા થઈ ગયા હતા. અલબત્ત ખેડુતોના દેશવ્યાપી બંધના એલાનને ગાંધીનગરમાં સમર્થન મળ્યુ ન હતુ. જયારે જિલ્લામાં પણ બધુ રાબેતા મુજબ ઓન ગોઈંગ મોડમાં રહેતા બંધની અસર નહીંવત બરાબર હતી.

## નવા મતદારોએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૮૪૩ ફોર્મ નામ કમી કરવા માટે મળ્યા છે. જ્યારે ૬૨૦૦થી વધુ ફોર્મ નામ સુધારણા માટે મળ્યા છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ અંગે આ વખતે રાજકીય પક્ષોએ પણ સારો ઉત્સાહ દાખવ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે આ ઝુંબેશનું રાજકીય મહત્વ વિશેષ છે. જો કે પંચ આ વખતે તેની ઝુંબેશ સફળ થઈ રહી હોવાથી સંતોષ વ્યક્ત કર્યો છે.

## સમિતિની રચના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં મહેસૂલ વિભાગના અધિક/સંયુકત/નાયબ સચિવ(તપાસ) આ સમિતિના સભ્ય અને મહેસૂલ વિભાગના અધિક/ સંયુક્ત/નાયબ સચિવ (મહેકમ) આ સમિતિના સભ્ય સચિવ રહેશે.

સચિવાલયના મહેસૂલ વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ કે જેઓને હળવી અથવા ભારે શિક્ષા કરવા માટે આરોપનામું બજાવવામાં આવેલ છે તેવા કર્મચારી બચાવનામું રજુ કરે તે તબક્કે આ ઉચ્ચ કક્ષાની સમિતિ સમક્ષ તેમનો કેસ રજૂ થાય તેમ ઈચ્છતા હોય તો તેઓને નિયત નમૂનામાં શિસ્ત અધિકારીને અરજી કરવાની રહે છે. શિસ્ત અધિકારીએ તે પરત્વે વિચારણા કરી કેસ સમિતિ સમક્ષ રજૂ કરાવવાનો નિર્ણય કરશે. આમ, તેમના કેસનો શિસ્ત અધિકારી અને કર્મચારીની પરસ્પરની સંમતિથી સત્વરે નિકાલ આવી શકે જેથી આ વ્યવસ્થાથી સચિવાલયના મહેસૂલ વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ના સરકારી કર્મચારીઓ સામેના ખાતાકીય તપાસના પ્રશ્નોનો ઝડપથી નિકાલ થશે તેમજ લાંબી પ્રકીયામાંથી મુક્તિ મળશે.